ભજન ૪

પાર્વતીના નાથની ને, ગણપતિના તાતની
હરદમ ધુન મચાવો રે {૨}

હરદમ ધૂન મચાવો મારા વહાલા {૨}
શિવજીને ખૂબ નચાવે રે ---- પાર્વતીના નાથની ને

કૈલાસમાં શિવજી, કેવા નાચે છે {૨}
ડમ ડમ ડમરું, વાગે છે
પાર્વતી તાલ પુરાવે રે ---- પાર્વતીના નાથની ને

શિર પર જટામાં, ગંગા વસી છે {૨}
સર્પોની માળા ગળે પહેરી છે
ત્રિશુળ હાથમા શોભે રે ---- પાર્વતીના નાથની ને

દેવાના દેવ એતો, મોટા મહાદેવ છે {૨}
દુ:ખીયાને જત સુ:ખ દેનાર એ છે
ભકતોના જીવ લોભાય છે રે ---- પાર્વતીના નાથની ને